# આજે ત્રિપર્શા બારસ સાથે સર્વાર્થ સિદ્ધિ યોગ

## આ દિવસે વ્રત અને પૂજા કરવાથી ત્રણ ગણું પુણ્ય મળશે

ગાંધીનગર, તા. ૧૦

શનિવારે ત્રિસ્પર્શા મહાબારસ છે.

શનિવારે એકાદશી બારસ, તેરસ તિથિનો સ્પર્શ હોવાથી ત્રિસ્પર્શા યોગ બનશે. સાથે જ આખો દિવસ સર્વાર્થ સિદ્ધિ યોગ પણ રહેશે. આવો સંયોગ ઘણો ઓછો બને છે. આ મહાયોગમાં કરવામાં આવતા સ્નાન, દાન, વ્રત અને પૂજા-પાઠથી ત્રણ ગણુ પુણ્ય ફળ મળે છે.

સાથે જ જાણ્યે અજાણ્યે થયેલા પાપ દૂર થાય છે. સ્કંદ, નારદ અને બ્રહ્મવૈવર્ત પુરાણમાં તેનું મહત્વ જણાવતા ઉલ્લેખવામાં આવ્યુ છે કે બારસ તિથિએ કરવામાં આવતા ધાર્મિક અનુષ્ઠાનોથી અખૂટ પુણ્ય ફળ મળે છે.



### ત્રિસ્પર્શા યોગ કઈ રીતે બની રહ્યો છે

જ્યારે કોઈ દિવસે અરૂણોદય કાળ એટલે સૂર્યોદયથી થોડી મિનિટ સુધી એકાદશી હોય પછી આખો દિવસ બારસ રહે અને તે પછી તેરસ તિથિ હોય ત્યારે ત્રિસ્પર્શા બારસ કહેવાય છે. આવી બારસ તિથિ ભગવાન વિષ્ણુને ખૂબ જ પ્રિય છે. એકાદશી, બારસ, તેરસ ત્રણેય તિથિઓ એક જ દિવસે આવી જવાથી ત્રિસ્પર્શા બને છે. આ મહાયોગમાં વ્રત-ઉપવાસ-સ્નાન-દાન અને ભગવાન વિષ્ણુની પૂજા કરવાથી જાણ્યે અજાણ્યે થયેલાં પાપ દૂર થાય છે.

### બારસ-તિથિનું મહત્વ

ગ્રંથોમાં દર બારસ તિથિએ ભગવાન વિષ્ણુની પૂજા કરવાનું મહત્વ ઉલ્લેખવામાં આવ્યું છે. આ તિથિએ ભગવાન વિષ્ણુની પૂજા કરવી જોઈએ. પુરાણો પ્રમાણે આ તિથિએ શુભ પ્રભાવથી સુખ-સમૃદ્ધિ વધે છે અને મોક્ષ મળે છે.

### ત્રિસ્પર્શા બારસની પૂજાવિધિ

સૂર્યોદય પહેલા જાગીને તીર્થ જળમાં તલ મિક્સ કરીને સ્નાન કરવું જોઈએ. તે પછી ભગવાન વિષ્ણુનું ધ્યાન કરીને પૂજા કરવી જોઈએ. પૂજા કર્યા પછી વ્રત-કથા સાંભળો, આરતી કરીને પ્રસાદ વહેંચો. ત્રિસ્પર્શા બારસનું વ્રત બીજા દિવસે સૂર્યોદય પછી ખોલવુ જોઈએ.

# ઘરઘાટી ઘડીયાળ અને રોકડા રૂ.૨૦ હજાર લઈ જતો રહ્યો

ગાંધીનગર, તા.૧૦

સરગાસણ સ્વાગત બ્લોસમ ફલેટમાં ઘરઘાટીએ ચોરી કરતા ચકચાર મચી જવા પામી છે. ત્રણ માસ પહેલા જ ઘરઘાટીને નોકરી પર રાખ્યો હતો. ત્યારે ઘરઘાટીએ રૂ.૫ હજારની ઘડીયાળ અને બેડરૂમના લોકરમાંથી રોકડા રૂ.૨૦ હજાર લઈ રફુચકક થઈ ગયો છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ સ્વાગત બ્લોસમ એક ૫૦૩ માં મિહિર અમિતાભ શુકલા એકલા રહે છે. મિહિર શુકલા ગીફટસીટીમાં આવેલ નાણા વિભાગની ઓફિસમાં આસીસ્ટન્ટ મેનેજર તરીકે નોકરી કરે છે. જયારે ફરીયાદ સવારે ૯.૩૦ થી સાંજના ૬ વાગ્યા સુધી ઓફિસમાં હોય છે. ત્યારે મિહિર શુકલાએ પરિચિતના મારફતે છેલ્લા ત્રણ માસથી ઘરઘાટી તરીકે સંજીત કામેશ્વર કુમાર (મુળ રહે. ગામ મેજોરગંજ જી સિતામદી બિહાર) ને રાખ્યો હતો અને તે ઘરમાં જ રહેતો હતો. ગત તા.૭ ના રોજ સવારના સમયે મિહિર ઓફિસ જવા માટે નીકળી ગયા હતા. ત્યારે તેઓને અગત્યાના કાગળોની જરુર હતી. ત્યારે બપોરના સમયે ૧૨ વાગે સંજીતને ફોન કરી જરુરી ડોક્યુમેન્ટ વોટસએપથી મંગાવ્યા હતા.જયારે નોકરી પુરી થઈ ગયા બાદ સાંજના ૭ વાગે ઘરે આવતા ઘરને તાળુ મારેલુ હોવાથી ખોલીને અંદર જોતા સંજીત ન હતો. કોઈ ખરીદી માટે ગયો હશે તેમ માનીને એક કલાક ફરીયાદીએ રાહ જોઈ હતી. ત્યારે મિહિર શુકલાએ ઘરઘાટીના મોબાઈલ ફોન પર ફોન કરતા તે બંધ આવતો હતો. જેથી તેના રૂમમાં તપાસ કરતા સામાન પણ રૂમમાં ન હતો. જયારે બીજા દિવસે રાત્રીના સમયે બેડરૂમમાં રહેલા લોકરમાં તપાસ કરતા મિહિર શુકલાની ટાઈટન કંપનીની ઘડીયાળ અને કવરમાં બચતના રહેલા રૂ.૨૦ હજાર ન હતા. તે ઉપરાંત પાનકાર્ડ, આધારકાર્ડ પણ લઈ ગયો હતો. જેથી મિહિર શુકલાએ ઘરઘાટી સંજીત કુમાર સામે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બીબીએ કોલેજની શ્રી અરવિંદ સાધના કેન્દ્ર ખાતે શિબિર યોજાઈ



ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમીનીસ્ટ્રેશન-બીબીએ કોલેજના વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સાથે યોગ, અધ્યાત્મ, ધ્યાન જેવી બાબતનું માર્ગદર્શન મળે તેમજ તેઓને યોગ્ય રીતે અભ્યાસ કરવામાં આ બાબતો ઉપયોગી સાબિત થાય તેવા ઉમદા હેતુથી બીબીએ કોલેજ વિદ્યાર્થીઓને અરવિંદ સાધના કેન્દ્રના નિમંત્રણ ને સ્વીકારી કોલેજ દ્વારા એક દિવસીય શિબિરમાં યોજાઈ હતી કમિશ્નરશ્રી યુવક-સેવા અને સાંસ્કૃતિક વિભાગના આર્થિક સહયોગથી સમગ્ર કાર્યક્રમનું આયોજન થયું હતું.વિદ્યાર્થીઓને શ્રીઅરવિંદ અને શ્રીમાતાજીના જીવન બાબતનું સાહિત્ય પણ નિશુલ્ક આપવામાં આવ્યું હતું. કુલ ૫૫ વિદ્યાર્થીઓ તેમજ ૧૦ જેટલા અધ્યાપક અને સ્ટાફ સાથીઓ પણ આજની તાલીમ શિબિરમાં જોડાયા હતા. અને ૨૩ વિદ્યાર્થીઓએ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. શ્રી અરવિંદ સાધના કેન્દ્ર તરફ થી ડો.સી.કે.તન્નાનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો અને તેઓએ શ્રીઅરવિંદ, શ્રીમાતાજી, ઓરોવિલ્લ-માતૃમંદિર તેમજ પૉંડિચેરી આશ્રમ અને બંનેના ચિન્હો વિષે તલસ્પર્શી માર્ગદશન આપ્યું હતું. શ્રી અરવિંદ સાધના કેન્દ્ર તરફથી ડો.સી.કે.તન્ના સાથે બાબુભાઈ પરમાર, રતિલાલ પીઠડીયા તેમજ એમ.ડી. વાઘેલા તરફથી સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.સમગ્ર શિબિરને સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિના ઇંચાર્જ ડૉ.જયેશ તન્ના તેમજ ડૉ.આશિષ ભુવા, ધર્મેન્દ્રસિંહ રાઠોડ સહિત કોલેજ પરિવાર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# આ શુટ પહેરીને જીવંત વીજ વાયરને પકડશો તો પણ તમને કરંટ નહીં લાગે..!!!

**મહાત્મા મંદિરે યોજાયેલાં પ્રદર્શનમાં પાવર ગ્રીડ કંપનીના સ્ટોલ પર મુલાકાતીઓને આકર્ષતો "કન્ડક્ટિવ શુટ" : બ્રાઝીલમાં બનેલા આશરે રૂપિયા બે લાખની કિંમતના આ શુટમાં શુઝની કિંમત જ ૪૦ હજારની છે.**

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આઝાદીના અમૃત મહોત્સવ-સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે યોજાયેલા "રાષ્ટ્ર નિર્માણમાં કેન્દ્રીય જાહેર સાહસો" અંગેનું ત્રિદિવસીય પ્રદર્શન આજથી જાહેર જનતા માટે ખુલ્લું મુકાયું છે. આ પ્રદર્શનમાં પાવરગ્રીડ કંપનીના સ્ટોલ પર મુકવામાં આવેલ એક મોડેલ સ્ટેચ્યુ સાથે પ્રદર્શિત કરાયેલો "કન્ડક્ટિવ શુટ" મુલાકાતીઓને આકર્ષી રહ્યો છે. આશરે બે લાખની કિંમતના "કન્ડક્ટિવ શુટ"ની ખાસિયત એ છે કે તે પહેરીને વીજ કરંટ ચાલું હોય તેવી ઈલેક્ટ્રિકના વાયરને પકડો તો પણ તમને સ્હેજ પણ કરંટ લાગી શકતો નથી.

ભારત સરકારની પાવરગ્રીડ કંપની દેશમાં વિવિધ ઈન્ડસ્ટ્રીયલ યુનિટ્સમાં હેવી પાવર સપ્લાય માટેની વ્યવસ્થાનું કામકાજ સંભાળે છે. આ કંપની દ્વારા તેના ગ્રાહકોને વીજ લાઈનમાં સર્જાતી ખામીઓ સહિતની કોઈપણ સર્વિસ ખલેલરહિત રીતે મળી રહે તે સાથે લાઈનમેનની સુરક્ષા પણ જળવાય તે હેતુથી બ્રાઝીલની "ટેરેક્સ રીટ્ઝ" કંપની દ્વારા બનાવાયેલા આશરે રૂપિયા બે લાખની કિંમતના "કન્ડક્ટિવ શુટ" વસાવ્યાં છે જે પૈકી એક શુટ મહાત્મા મંદિરે પ્રદર્શનમાં પ્રસ્તુત કરાયો છે જેને નિહાળીને મુલાકાતીઓને ઘણી જિજ્ઞાસા થવા પામી રહી છે. આ "કન્ડક્ટિવ શુટ"ની ખાસિયત એ છે કે તેમાં સ્ટલેનલેસ સ્ટીલના માઈક્રો ફાઈબરનો ઉપયોગ કરાયો છે જેના થકી વીજ કરંટ શુટ પહેરનાર પરથી પસાર થઈ જાય છે પરંતુ તેના શરીરને લાગતો નથી તેવી રચના છે. પાવર ગ્રીડ કંપની દ્વારા આ શુટનો ૭૬૫ કિલો વોટ કરંટ ધરાવતી વીજ લાઈન પર સફળ ઉપયોગ કરાયો છે. આ "કન્ડક્ટિવ શુટ" પહેરીને વીજ લાઈનના ફોલ્ટ રીપેર કરવા માટે પાવર કટ કરવો પડતો નથી કેમકે લાઈનમેન ચાલુ લાઈનમાં જ કામ કરી શકે છે, તેથી કંપનીના ગ્રાહકોને ખલેલરહિત મરામત સેવાઓ મળે છે. "કન્ડક્ટિવ શુટ"માં ઉપયોગમાં લેવામાં આવતાં શુઝની કિંમત જ રૂપિયા ૪૦ હજાર જેટલી છે, તેની સાથે સમગ્ર શુટની કિંમત રૂપિયા બે લાખ સુધી પંહોચે છે. આ "કન્ડક્ટિવ શુટ" મહાત્મા મંદિર ખાતે મુલાકાતીઓને આકર્ષી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ પ્રદર્શન તા.૧૨મી જુન સુધી જાહેર જનતા માટે ખુલ્લું રહેશે જેમાં નાગરિકો વિના મૂલ્યે પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.









### એનએફએલના "નીમ કોટેડ યુરિયા" સાથે ખેડૂતોને ઉપયોગી માહિતી ઉપલબ્ધ

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત કેન્દ્રીય જાહેર સાહસોની કંપનીઓના મહાત્મા મંદિરે યોજાયેલાં પ્રદર્શનમાં નેશનલ ફર્ટિલાઈઝર્સ લિમિટેડ કંપનીનો સ્ટોલ છે જ્યાં ખેડૂતો માટે "નીમ કોટેડ યુરિયા" સહિત વિવિધ પ્રકારના ખાતરો જેવાંકે ડીએપી, એમઓપી, એનપીકે, એપીએસ, બેન્ટોનાઈટ સલ્ફર, બાયો ફર્ટિલાઈઝર્સ, કમ્પોસ્ટ વગેરે સહિત ઓધોગિક રાસાયણિક ઉત્પાદનો, ખેતી માટેના રસાયણો અને વિવિધ પ્રકારના બીજ અંગે ઉપયોગી માહિતી આપવામાં આવી રહી છે. આ સાથે મુલાકાતીઓને "નીમ કોટેડ યુરિયા"નું સેમ્પલ પણ ભેટ આપવામાં આવે છે જેનો મુલાકાતીઓ પોતાના ખેતર કે કિચન ગાર્ડનિંગમાં ઉપયોગ કરી શકે છે.

### ભારતીય રેલ્વેના સ્ટોલ પર ક્વિઝ રમો અને ઇનામ જીતો

મહાત્મા મંદિરે પ્રદર્શનની મુલાકાતે આવતા બાળકે કિશોર વયના મુલાકાતીઓ માટે ભારતીય રેલ્વેના સ્ટોલ પર ક્વિઝ રમાવાની સુવિધા ઉભી કરાઈ છે જેમાં એક કિઓસ્ક દ્વારા મુલાકાતીઓ ક્વિઝ રમી શકે છે. આ ક્વિઝમાં સામાન્ય જ્ઞાનના ૧૦ સવાલોના જવાબ આપવાના હોય છે અને જો તમારા મોટા ભાગના જવાબ સાચાં હોય તો તમને સ્ટોલ સંચાલકો તરફથી પ્રોત્સાહન ઈનામ પણ મળી શકે છે. આ ક્વિઝમાં 'રાષ્ટ્ર ધ્વજમાં કેટલાં રંગ હોય છે, ભારતના પહેલા વડાપ્રધાન કોણ હતા અથવા પહેલાં રાષ્ટ્રપતિ કોણ હતા' તેવાં સવાલો પુછવામાં આવે છે અને સ્ક્રિન પર આપવામાં આવતાં ચાર વિકલ્પો પૈકી સાચો જવાબ પસંદ કરવાનો હોય છે.

# શહેરમાં ફેસબુક મેસેન્જર "હેક" થવાના કિસ્સા વધ્યાં...!!

ગાંધીનગર, તા.૧૦

સ્માર્ટ ફોનના આગમન પછી સોશિયલ મીડિયા એ દરેકના જીવનનો અભિન્ન અંગ જેવું બની ગયું છે અને

કેટલાંક વ્યક્તિઓ તો પોતાની તમામ ગતિવિધિઓ સતત સોશિયલ મિડીયા પર અપડેટ કરતાં રહીને તેને મહત્વનું સ્થાન આપી રહ્યાં છે. જોકે આજકાલ સાયબર ક્રાઈમની બોલબાલા પણ વધી ગઈ છે અને દિન-પ્રતિદિન તેનો ભોગ બનનારાની સંખ્યાં વધી રહી છે જેમાં મુખ્યત્વે સોશિયલ મિડીયાનો ઉપયોગ કરનારાં નાગરિકો તેનો સરળતાંથી ભોગ બની રહ્યાં છે. આજકાલ સોશિયલ મિડીયાના લોકપ્રિય માધ્યમ ફેસબુકના મેસેન્જર હેક થવાની ફરિયાદો ઉઠવા પામી રહી છે જે અંગે નાગરિકોએ સાવધ રહેવાની જરૂર જણાઈ રહી છે. ફેસબુક એ સોશિયલ મિડીયાની દુનિયાનું જાણીતું અને લોકપ્રિય પ્લેટફોર્મ છે અને તેના મેસેન્જરનો પણ નેટીઝન્સ ભરપુર ઉપયોગ કરે છે.

જોકે છેલ્લાં કેટલાંક સમયથી વિવિધ રીતે ફેસબુક એકાઉન્ટના કે તેના એફબી મેસેન્જરના હેક થઈ જવાની ઘટનાઓ સર્જાઇ રહી છે જેમાં મોટા નેતાઓ અને વીઆઈપી સેલેબ્રિટીઝ પણ બાકી નથી. હેકર્સ ક્યારેક કોઈના મેસેન્જરને હેક કરીને તેમાં રહેલા સંપર્કો પાસેથી કોઇ લાગણીપ્રદ સ્થિતિ રજુ કરીને નાણાં માંગી છેતરપીંડી કરતાં હોવાના કિસ્સા સર્જાઈ રહ્યાં છે. તાજેતરમાં હેકર્સ દ્વારા કોઈના મેસેન્જરને હેક કરીને તેના સંપર્કોને "તમે ફલાણાં વિડિયોમાં જોવા મળ્યાં છો" જેવા આશ્ચર્યજનક સ્માઈલીના છોગા સાથે મેસેજ મોકલી "આ વિડિયો જોવો હોય તો અંહી ક્લિક કરો"નો સંદેશો મોકલવામાં આવે છે. જે પણ યુઝર આ લિંક ખોલે તેને કોઈ વિડિયો તો જોવા મળતો નથી પરંતુ તેનું મેસેન્જર પણ હેક થઈ જવાની શક્યતા રહે છે. શક્ય છે કે આ પ્રકારે મેસેન્જર હેક કરીને હેકર તેનો પ્રોગ્રામ યુઝરના મોબાઈલમાં ઘુસાડીને તેનો કોઈપણ ગુનાહિત ઉપયોગ કરી શકે છે અથવા યુઝરના ફોનમાં રહેલાં ડેટાને ચોરી શકે છે. આ સાથે હેકર નાણાંકિય ઉચાપત પણ કરી શકે છે કેમકે અત્યારે ડિજીટલાઈઝેશનમાં સૌ કોઈના સ્માર્ટ ફોન તેના બેંક ખાતા તેમજ યુપીઆઈ પેમેન્ટ એકાઉન્ટ સાથે જોડાયેલાં હોય છે. આ પ્રકારની છેતરપીંડીથી શહેરીજનોએ સાવધ રહેવું જરૂરી જણાઈ રહ્યું છે તે સાથે પોલીસ સહિત સાયબર નિષ્ણાંતોએ પણ આ સમસ્યા અંગે પગલાં ભરવાં જરૂરી બન્યું છે.



### ફેસબુક મેસેન્જર હેક થાય તો શું કરવું?

અત્યારે જે રીતે ફેસબુક મેસેન્જર હેક થવાની ઘટનાઓ સર્જાઇ રહી છે તે સ્થિતિમાં કોઇ પણ તેનો ભોગ બની શકે છે. આ અંગે એક આઈટી જાણકારે જણાવ્યું હતું કે "જ્યારે તમારું મેસેન્જર હેક થાય ત્યારે સૌથી પહેલાં તો ફેસબુક અને મેસેન્જર એપને 'અનઈન્સ્ટોલ' કરીને મોબાઈલ ફોનનું નેટવર્ક બંધ કરી દેવું જોઈએ અને ત્યારબાદ કોઈ પીસી કે લેપટોપ વડે ફેસબુક લોગીન કરીને તેનો પાસવર્ડ બદલી નાંખવો જોઈએ." ફોનમાંથી બિનજરૂરી જક્ક ડેટા દૂર કરીને તેને રીસેટ કરી દેવો જોઈએ. તમને મળતી અજાણી લોભામણી ફ્રેન્ડ રિક્વેસ્ટથી સાવધ રહેવું જોઈએ અને તમારા મિત્રોને સત્વરે જાણ કરીને સાવધ કરી દેવા જોઈએ જેથી કોઈ આ હેકરનો ભોગ ના બને.

# ખાનગી શાળાઓ સ્ટેશનરીની વસ્તુઓ મુદ્દે લૂંટ નહી ચલાવી શકે

ગાંધીનગર, તા.૧૦


ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીને દાખલ કર્યા બાદ દરેક વાલીની એક ફરિયાદ રહેતી હોય છે કે, ઉંચી ફી ચુકવ્યા બાદ પણ ખાનગી શાળાઓ લૂંટ બંધ નથી કરતી. ડ્રેસ, સ્ટેશનનરી, બુટ અને અન્ય ઘણી જરૂરી સામગ્રી શાળાઓ કોઈ ચોક્કસ દુકાન અથવા તો દુકાનોમાંથી જ લેવા માટેનો આગ્રહ રાખતા હતા. જેના કારણે આ દુકાનદારો પણ વાલીની મજબુરી સમજીને કોઈ પણ વસ્તુનાં બે કે ત્રણ ગણા ભાવ વસુલતી હોય છે. જો કે હવે સરકાર દ્વારા આ અંગે પણ નિયમન લાવી દેવામાં આવ્યુ છે. ફી મુદ્દેખાનગી શાળાઓ પર ગાળીયો કસ્યા બાદ સરકારે હવે ખાનગી શાળાઓ જે પાછળના દરવાજેથી કમાણી કરે છે તેના પર પણ લગામ લગાવી દીધી છે. જો આવું કરતા શાળા ઝડપાશે તો દંડની જોગવાઈ પણ કરી છે. વિદ્યાર્થીઓને ગણવેશ, બુટ, પુસ્તક, સાહિત્ય અને સ્ટેશનરીની વસ્તુઓ કોઈ ચોક્કસ દુકાનેથી જ ખરીદવા માટે શાળાઓ દ્વારા દબાણ કરાતું હતું તે હવે નહી કરી શકાય. આ પ્રકારનું દબાણ કરવું હવે દંડનીય ગુનો બની ચુક્યો છે.

# શહેરમાં સિનેમા થીએટર હજુ ખાલીખમ

**કરમુક્ત ફિલ્મમાં માત્ર ૨૦ ટકા ટીકીટોનું વેચાણ : શહેરમાં થીએટરોમાં કરમુક્ત ફિલ્મો જોવા માટેનો ઘટતો ક્રેઝ : કરમુક્ત ફિલ્મના કર મામલે થીએટર માલિકોની કફોડી સ્થિતિ**

ગાંધીનગર, તા. ૧૦

સામાન્ય રીતે સરકારી ટેક્સની પદ્ધતિ સમજવી ભલભલા ખેરખાં માટે મુશ્કેલ જ હોય એવી છાપ છે. ઈઝ ઓફ દુઈંગ બિઝનેસમાં વેપાર-ધંધાના ટેક્સ માળખા સહિતના નીતિ-નિયમોના સરળીકરણને અગ્રીમતા આપવામાં આવી છે. છતાં ઘણી વખત સરકાર કે સરકારીતંત્ર દ્વારા માળખાકીય વ્યવસ્થાને ગુંચવણભરી બનાવવામાં આવતી હોવાનો વેપારી પણ ઘણી વખત કચવાટ કરી ચૂક્યા છે. આ વર્ગમાં એ મલ્ટીપ્લેક્સ ધારકો પણ જોડાયા છે. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા ચોક્કસ ફિલ્મો કરમુક્ત કરવામાં આવી રહી છે. જે આવકારદાયક બાબત છે પરંતુ આ કર માળખાની ઉઘરાણી અને ચુકવણીની પ્રક્રિયા જટિલ હોવાથી મલ્ટીપ્લેક્સ ધારકો મુંઝવણમાં મુકાય છે. રાજ્ય સરકાર દ્વારા ફિલ્મો કરમુક્ત જાહેર કરાતી ત્યારે સીધી ને સરળ સિસ્ટમ એ રહેતી કે ટોકીઝ માલિકોએ ગ્રાહક પાસેથી મનોરંજન કર ઉઘરાવવાનો નહી અને સરકારને ચૂકવવાનો પણ નહી. હવે છેલ્લા ચારેક વર્ષથી ટેક્સ સિસ્ટમમાં બદલાવ આવ્યો ત્યારથી એવું થયું છે કે રાજ્ય સરકાર જે ફિલ્મને કરમુક્ત જાહેર કરે તેનો ટેક્સ ટોકીઝ માલિકોએ ગ્રાહક પાસેથી ઉઘરાવવાનો નહી, પરંતુ પોતે સરકારમાં જમા કરાવવાનો ત્યારબાદ ત્રણેક મહિને એ ટેક્સ પરત મેળવવાની કાર્યવાહી કરવાની. આવી જટિલ અને ગુંચવણભરી વ્યવસ્થા સામે મલ્ટીપ્લેક્સ ઓનર્સ એસોસિએશન દ્વારા સરકારને રજુઆત કરવા તજવીજ હાથ ધરાઈ રહી છે. નોંધનીય છે કે હાલમાં સરકારે હિન્દી ફિલ્મ પૃથ્વીરાજ ચૌહાણ કરમુક્ત કરી છે એ પહેલા નાયિકા દેવી અને એની પહેલા કાશ્મીર ફાઈલ્સ મુવી કરમુક્ત કરી હતી. હાલમાં ફિલ્મોની ટિકિટના ભાવ ઉપર ૯ ટકા ટેક્સ રાજ્ય સરકારને ચૂકવવાનો થાય છે. જ્યારે ફિલ્મો ટેક્સ ફી જાહેર થાય ત્યારે થીએટર માલિકોએ તેમની ટિકિટના પ્રિન્ટિંગમાં એ પ્રમાણે ફેરફાર કરવાના રહે છે. એક થીએટરના માલિકે જણાવ્યું હતું કે સારી ફિલ્મ હોય તો લોકો ટેક્સ ભરીને પણ થીએટર સુધી ફિલ્મ જોવા આવે છે પરંતુ નબળી ફિલ્મ હોય તો તેને ટેક્સ ફ્રી કરવા છતાં પણ કોઈ થીએટરમાં આવતા નથી. ગાંધીનગરમાં હાલમાં પૃથ્વીરાજ ચૌહાણ મુવી જોવા માટે ૨૦ થી ૩૦ ટકા જેટલા પ્રેક્ષકો જ આવે છે. ગુજરાત સરકાર દ્વારા અમુક ફિલ્મો પર કરમુક્તી કરવા છતાં ફિલ્મ જોવા માટે પ્રેક્ષકોની સંખ્યા જોવા મળતી નથી. ઉનાળુ વેકેશન હોવા છતાં થિએટરોમાં ટિકિટો વેચાઈ રહી નથી. ઓટીટી પ્લેટફોર્મના કારણે લોકો ઘરે બેઠા જ પોતાની મનપસંદ ફિલ્મો જોઈ રહ્યા છે તેવુ દેખાઈ રહ્યું છે. જેમાં થિએટર માલિકોને નુકસાન ભોગવવું પડી રહ્યું છે.



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧